વડીલોને વંદન અભિનંદન

આજે જન્મદિવસ

સરસ્વતીબેન જીવણલાલ શાહ
(૧૯૪૮) ફોન. ૨૩૨ ૩૦૬૫૪

મફતલાલ અમથાલાલ મોદી
(૧૯૪૧) ફોન. ૨૩૨ ૨૪૫૨૧

ભાજપા ગાંધીનગર મહાનગર દ્વારા વોર્ડ ૯ના હોદ્દેદારો નિમાયા

ભારતીય જનતા પાર્ટી, ગાંધીનગર મહાનગર દ્વારા વોર્ડ નં. ૯ના હોદ્દેદારોની તાજેતરમાં વરણી કરવામાંઆવી હતી. પ્રમુખ તરીકે શિરીષચંદ્ર મોદી અને મહામંત્રી તરીકે અરવિંદભાઈ ઠાકોર અને બાબુભાઈ પટેલની વરણી કરવામાં આવી છે. ગાંધીનગર મહાનગરના ભાજપાના વોર્ડનં. ૯ના ઉપપ્રમુખ તરીકે દામોદર ભટ્ટ, પિયુષભાઈ શાહ, તપન જોષી, રફીકભાઈ મન્સુરી, વિભાબેન પટેલ અને ભાર્ગવીબેન પટેલની તથા મંત્રી તરીકે અરવિંદભાઈ પટેલ, ગીતાબેન પટેલ, જયદીપસિંહ સોલંકી, જિતેન્દ્ર પટેલ, ધિન્કીબેન વોરા અને રાજુભાઈ જાનીની તથા કોષાધ્યક્ષ તરીકે ગૌરાંગભાઈ જોગાણીની નિમણુંક કરવામાં આવી છે.

કોંગી કાર્યકરો દ્વારા કાકાને શ્રદ્ધાંજલી આપતો કાર્યક્રમ

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કલ્ચરલ કમિટી દ્વારા બોલીવુડના સુપરસ્ટાર સ્વ. રાજેશ ખન્નાને શ્રદ્ધાંજલી આપતો કાર્યક્રમ રાજીવ ગાંધી ભવન, પ્રદેશ કોંગ્રેસ સમિતિ ખાતે યોજાયો હતો. ગુજરાત વિધાનસભા વિપક્ષના નેતા શક્તિસિંહ ગોહિલે શ્રદ્ધાંજલી આપતા જણાવ્યું હતું કે સ્વ. રાજેશ ખન્ના એક ઉંચા ગજાના કલાકાર હતા અને સાથે સાથે કોંગ્રેસના સાંસદ હતા. ગુજરાતમાં ચૂંટણી લડવા માટે સ્વ. રાજેશ ખન્ના ઉભા હતા ત્યારે તેમની સાથે વિતાવેલી પળો ક્યારેય ભૂલી શકાય તેમ નથી.

મુખ્યમંત્રીના જાપાન પ્રવાસનો પ્રારંભ

ટોકીયો વિમાની મથકે મુખ્યમંત્રી અને ગુજરાત ડેલીગેશનનું ઉષ્માભર્યું સ્વાગત

અમદાવાદ, તા. ૨૨

મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતના વ્યાપાર-ઉદ્યોગ ક્ષેત્રના પદાધિકારીઓનું ડેલીગેશન જાપાનના ચાર દિવસના પ્રવાસના પ્રારંભે આજે ટોકીયોમાં રવિવારે રાત્રે પહોંચતા જ અત્યંત ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

જાપાન સરકારના વિશેષ નિમંત્રણથી શ્રી નરેન્દ્રભાઈ મોદીનો આ ચાર દિવસનો જાપાન પ્રવાસ યોજવામાં આવ્યો છે અને આવતીકાલથી સતત ચાર દિવસ દરમિયાન ૪૪ જેટલા કાર્યક્રમો, બેઠકો, ત્રણ પ્રમુખ સેમિનારો અને એક રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ સહિત જાપાન સરકાર સાથેની બેઠકોમાં મુખ્યમંત્રીશ્રી અને બિઝનેસ ડેલીગેશનના સભ્યો ભાગ લેશે.

મુખ્યમંત્રીશ્રી ટોકીયોથી બૂલેટ ટ્રેનમાં હામાચાત્સુ જશે એ અગાઉ ટોકીયોના બે દિવસના રોકાણ દરમિયાન, જાપાનના આર્થિક બાબતો, વેપાર અને ઉદ્યોગના મંત્રી શ્રી યુકીઓ ઇડાનો, ભૂમિ પરિવહન, પ્રવાસન અને માળખાકીય સુવિધાઓના મંત્રી શ્રી ચુચીરો હાટા, વિદેશી બાબતોના મંત્રી શ્રી કોઈચીરો ગેમ્બા અને પૂર્વ પ્રધાન મંત્રી શ્રી શિન્જો આબે સાથે બેઠકો યાજાશે.

જાપાનના ડેપ્યુટી પ્રાઈમ મિનીસ્ટર શ્રીયુત કાત્સુયા ઓકાડાની સાથે મુખ્યમંત્રીશ્રીની સૌજન્ય મુલાકાતે યોજાશે.

સોમવારે ટોકીયોમાં જેટ્રો (જાપાન એક્ષ્ટર્નલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન) દ્વારા આયોજિત ઈન્વેસ્ટમેન્ટ સેમિનારને મુખ્યમંત્રી સંબોધશે, જેના જાપાન અને ભારતની જાપાન સ્થિત કંપનીઓના પદાધિકારીઓ ભાગ લેશે.

ટોકીયોમાં બીજા દિવસે મુખ્યમંત્રીશ્રીની જાપાનની નાણા સંસ્થાઓ અને ઔદ્યોગિક જૂથોની કંપનીઓ સાથે શ્રેણીબદ્ધ બેઠકો યોજાશે.જેમાં બેન્ક ઓફ ટોકીયો, મિત્શુબીશી, હીટાચી, ઈટોયુ કેઇડાનરેન (જાપાન બિઝનેશ ફેડરેસન), મિસુહો ફાઈનાન્સ ગ્રુપ સાથે બેઠક યોજાશે.

સને ૨૦૦૭માં જાપાનની મુલાકાત પછી મુખ્યમંત્રીશ્રીનો બીજીવાર આ જાપાન પ્રવાસ યોજાયો છે.

જાપાન સરકાર ગુજરાતના વિકાસમાં ભાગીદારીનો સુદૃઢ સેતુ વિકસાવવા આતુર છે અને વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં બે વાર પાર્ટનર કંન્ટ્રી બનેલું છે. ભારત અને જાપાન વચ્ચેના આર્થિક ઔદ્યોગિક ક્ષેત્રે પરસ્પરના સંબંધોનું ફલક વિસ્તરી રહ્યું છે તે વાતાવરણમાં ભારતના અર્થતંત્રના ચાલકબલ એવા જાપાનના ગુજરાત સાથેના સંબંધો એકવીસમી સદીના એશિયન અર્થતંત્રમાં નવી ગતિશીલ તાકાત ઉભી કરી શકશે. આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રી સાથે ગુજરાત ડેલીગેશનનો આ જાપાન પ્રવાસ જાપાન સરકારના નિમંત્રણથી યોજાઈ રહ્યો છે. કોઈ રાષ્ટ્રના પ્રાદેશિક રાજ્ય વડાને આવું નિમંત્રણ મળ્યું હોય તેવી સર્વપ્રથમ આ ઘટના છે.

આ ઉપરાંત ૨૪ જુલાઈએ ટોકીયોમાં જાપાન-ઈન્ડિયા પાર્લામેન્ટરી ફ્રેન્ડશિપ લીગ અને ઈન્ડિયા સેન્ટર ફાઉન્ડેશનના સભ્યો સાથે મુખ્યમંત્રીશ્રીની ચર્ચા બેઠકો યોજાઈ છે. જાપાન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન ટાકાશી ઓકામૂરાની સાથે જાપાનની કંપનીઓ અને વેપાર ઉદ્યોગ અને ગુજરાત વચ્ચે ભાગીદારીનું ફલક વિકસાવવા ચર્ચા થશે.

ટોકીયોથી મુખ્યમંત્રીશ્રી ૨૫ જુલાઈએ બે દિવસના હામામાત્સુ, ઓસાકા અને ફોલ્ટેના પ્રવાસે જશે.

રવિવારે રાત્રે ટોકીયોના વિમાની મથકે ભારતીય રાજદૂત શ્રીયુત એસ પાન્ડા, રાજદૂતાવાસના અને જાપાન સરકારના પ્રોટોકોલ ગવર્નમેન્ટના વરિષ્ઠ અધિકારીઓ મુખ્યમંત્રીશ્રી અને ગુજરાત બિઝનેસ ડેલીગેશનનું હાર્દિક સ્વાગત કર્યું હતું.

ગોલ્ડ કોઈન ફલેટના બિલ્ડરે ફલેટના અધુરા કામ પૂરા કરવા કન્ઝયુમર કોર્ટનો આદેશ

ગાંધીનગર, તા. ૨૨

ખ-૦ સર્કલ પાસે આવેલા ગોલ્ડ કોઈન ફલેટમાં અધુરા કામ પૂર્ણ ન કરાતા અને નીચી ગુણવત્તાવાળા મટીરીયલનો ઉપયોગ કરાતા ફલેટ ધારકે કરેલી ફરિયાદના સંદર્ભે સ્ટેટ કન્ઝયુમર બિલ્ડરને એક માસમાં તમામ અધુરા કામો પૂર્ણ કરવા અને આંતરિક ખામીઓ દુર કરવા આદેશ કર્યો છે જો સમય મર્યાદામાં કામ પૂર્ણ ન થાય તો વળતર ચુકવવાનો પણ સાથે જ આદેશ કરાયો છે.

આ કેસની વિગત એવી છે કે, ફરિયાદી પારૂલબેન જિતેન્દ્રકુમાર મણિયારે આકાશ ડેવલેપમેન્ટ નામથી બિલ્ડીંગ કન્સ્ટ્રકશનનું કામ કરતી ભાગીદારી પેઢી પાસેથી ફલેટ ખરીદ્યો હતો. ગોલ્ડ કોઈન નામની સ્કીમમાં ચોથા માળે આવેલા ફલેટ પેટે ફરિયાદી પારૂલબેને કંપનીને રૂા. ૨૧, ૨૧,૦૦૦ ચુકવ્યા હતા. ફલેટનો કરાર થયો ત્યારે સેમ્પલ હાઉસના ફલેટમાં જે મટીરીયલ વાપરવામાં આવ્યું છે તે જ ક્વોલીટીનું મટીરીયલ વાપરવામાં આવશે અને ફલેટમાં ૨૪ કલાક લીફટ, પાર્કિંગ, પાણી તથા અન્ય સુવિધાઓ પૂરી પાડાશે. તેવો વાયદો કરવામાં આવ્યો હતો. પરંતુ ફલેટધારકોએ તે પૂર્ણ ન હતો. વળી, ફલેટનું કામ અધુરું છે અને કેટલીક ખામીઓ પણ છે. આ સંદર્ભે પારૂલબેને અગાઉ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં ફરિયાદ કરી હતી. તેના ફરિયાદી તરફેના હુકમ બાદ આકાશ ડેવલોપર્સ સ્ટેટ કમિશનમાં હુકમને પડકાર્યો હતો. પુરાવાઓને આધારે સ્ટેટ કમિશને જિલ્લા કોર્ટનો હુકમ જારી રાખ્યો છે અને ફલેટની ખામીઓ એક માસમાં દુર કરી આપવા અગર રૂા. ૩,૩૭,૭૮૭ વ્યાજ સાથે ચુકવી આપવા આદેશ કર્યો છે. માનસિક ત્રાસ પેટે રૂા. ૧૫,૦૦૦ અને ખર્ચ પેટે રૂા. ૫૦૦૦ ફરિયાદને ચુકવી દેવા કોર્ટે આદેશ કર્યો છે.

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ મહામંત્રી તરીકે મધુબેન શ્રીમાળીની નિમણૂંક

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જૂનભાઈ મોઢવાડિયા, વિધાનસભા વિરોધપક્ષના નેતા શકિતસિંહ ગોહિલ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મહિલા કોંગ્રેસ સમિતના અધ્યક્ષા સોનલબેન પટેલ અને ડૉ. સી.જે. ચાવડાની સૂચના અનુસાર ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ હીનાબેન પટેલે જાણીતા મહિલા અગ્રણી મધુબેન દુષ્યંતકુમાર શ્રીમાળીની ગાંધીનગર જિલ્લા કોંગ્રેસના મહામંત્રી તરીકે નિમણૂંક કરી છે.

મધુબેન શ્રીમાળી કોંગ્રેસ પક્ષ પ્રત્યેની નિષ્ઠા તથા મહિલા ઉત્થાનની કામગીરીને ધ્યાનમાં લઈને ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના મુખ્ય કન્વીનર તરીકે પસંદગી કરવામાં આવી છે. તાલુકાના ચરાડા, ઈટાદરા, લોદરા, સમો સહિતના અનેક ગામોમાં મધુબેન અનેક મહિલા અગ્રણીઓ, કાર્યકરો સાથે પક્ષના કાર્ય માટે દૃઢતાપૂર્વક ફરજ નિભાવી રહ્યા છે. ગાંધીનગર જિલ્લા કોંગ્રેસના તમામ કાર્યકરોએ મધુબેન શ્રીમાળીની નિમણૂંકને હાર્દિક આવકાર આપીને અભિનંદન પાઠવ્યા છે તથા તેમની કામગીરીમાં સહયોગની ખાતરી આપી છે.

ગાંધીનગરમાં નવા સચિવાલય અને સે. ૨-ડી ખાતે ૨૭મીએ રક્તદાન શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૨૨

રેડક્રોસ સોસાયટી ગાંધીનગર અને ગુજરાત મેડીકલ એજ્યુકેશન રીસર્ચ સોસાયટીના સહકારથી ગાંધીનગર સેક્ટર-૨-ડી, અંબિકા ચોક, હરિપાર્ક પરિવાર ખાતે તા. ૨૭મી જુલાઈ-૨૦૧૨ના રોજ સવારે ૭.૩૦ થી ૧૧ કલાક દરમિયાન અને સચિવાલય કલ્યાણ સમિતિ દ્વારા સચિવાલય નવા, બ્લોક નં. ૬નાં ભોંયતળિયે બપોરે ૧૧ થી ૩ કલાક દરમિયાન રક્તદાન શિબિર યોજાશે.

ગાંધીનગરના જાણીતા સામાજિક કાર્યકર ભરત કવિ પોતાના રક્તદાનના સેવાયજ્ઞની પૂર્ણાહુતિ પ્રસંગે પોતાનું ૧૧૫મું રક્તદાન કરવાના છે. સચિવાલયના દાણીભાઈ પણ પોતાનું ૧૦૫ મી વાર રક્તદાન કરવાના છે. આ પ્રસંગે ગાંધીનગરના તમામ સ્વૈચ્છિક રક્તદાતાઓને મહત્તમ રક્તદાન કરવા માટે ગાંધીનગરમાં રક્તદાનની સેવાકીય પ્રવૃત્તિ સાથે સંકળાયેલા અગ્રણીઓ સર્વશ્રી ગજેન્દ્રભાઈ ખારોડ, શિવલાલગર ગોસ્વામી, કૃષ્ણકાન્ત જહા, કમલભાઈ ચૌધરી, જયેન્દ્રભાઈ પરીખ, હિરેનભાઈ શાસ્ત્રી, સુકેતુ મહેતા, રવીન્દ્રભાઈ દવે, નિલેન્દુભાઈ વોરા, જીલુભા ધાધલ, શશિકાંત મોઢા, ઉદયભાઈ બ્રહ્મભટ્ટ, દિલીપ ઝવેરી, ભગુભાઈ પટેલ, જે.સી. પટેલ, જિજ્ઞાબેન મહેતા અને હીનાબેન દેસાઈએ સહુને હૃદયપૂર્વકની જાહેર અપીલ કરી છે.

રાષ્ટ્રપતિની ચૂંટણીમાં પ્રણવ મુખર્જીની જીત થઈ છે. પ્રણવની જીત થયા બાદ કોંગ્રેસ પાર્ટી ઓફિસ પર ફટાકડા ફોડીને ઉજવણી કરવામાં આવી હતી.

શહેર પેન્શનર્સ સમાજના વિદ્યાર્થીઓનો ૨૯મીએ સન્માન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના પ્રમુખ એસ.ડી.આર. મલિકે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, આગામી તા. ૨૯મી જુલાઈ-૨૦૧૨ના રોજ શહેર પેન્શનર્સ સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ યોજવામાં આવશે. તેજસ્વી તારલાઓના વડીલોને આમંત્રણ પત્રો મોકલી દેવામાં આવ્યા છે. જે સભ્યોને આમંત્રણ પત્રો ન મળ્યા હોય તેઓએ સત્વરે સેક્ટરના પ્રતિનિધિનો સંપર્ક કરવો.

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ શૈક્ષણિક વર્ષ ૨૦૧૧-૧૨માં ૭૫ ટકા કે તેથી વધારે ગુણ મેળવેલ હોય તેવા તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માન કરવાના સમારંભનું આયોજન તા. ૨૯મી જુલાઈ-૨૦૧૨ના રોજરવિવારે બપોરે ત્રણ વાગે શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજની વાડી સેક્ટર-૭-સીમાં કરવામાં આવનાર છે. સન્માન પાત્ર વિદ્યાર્થીઓના વડિલોને સન્માન સમારંભના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાનાં પત્રો મોકલી દેવામાં આવ્યા છે. જો ન મળ્યા હોય તો સેક્ટરના પ્રતિનિધિઓનો સંપર્ક સાધી, મેળવી લેવા સંસ્થાના પ્રમુખ એસ.ડી.આર. મલીક જણાવે છે. વિશેષમાં જણાવવાનું કે, આ સન્માન સમારંભમાં સન્માન પાત્ર વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહેવું જરૂરી છે અને તેઓને જ ઈનામ તથા સન્માન પત્ર એનાયત કરવામાં આવશે. અન્યથા ગેર હાજર રહેલા વિદ્યાર્થીઓ ફક્ત સન્માન પત્ર જ મેળવી શકશે. જેને માટે કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ૧૦ દિવસ પછી સેક્ટરના પ્રતિનિધિઓનો સંપર્ક સાધી સન્માન પત્ર મેળવી લેવા. વધુમાં જણાવવાનું કે, દરેક ઈનામ પાત્ર તેજસ્વી વિદ્યાર્થીને વધારાની ગીફ્ટ પણ આપવાનું વિચારવામાં આવી રહ્યું છે. જે કાર્યક્રમના અંતે હાજર વિદ્યાર્થીઓને જ આપવામાં આવશે. તદ્ ઉપરાંત ધોરણે ૮ અને ૯ના વિદ્યાર્થીઓને પોકેટ ડિક્ષનરી પણ આપવામાં આવશે જેથી સૌ વિદ્યાર્થીઓને સમયસર હાજર રહેવા વિનંતી કરવામાં આવે છે. તેમજ પદાધિકારીઓ કાર્યવાહક સમિતિના સભ્યો તથા સેક્ટર-પ્રતિનિધિઓએ નિયત સ્થળે તેમજ તારીખે બપોરે ૧ વાગે અચુક હાજર રહેવા પ્રવરમંત્રી નિરંજન ઓઝા જણાવે છે.

શબ્દાવલી - ૪૭૯૬



આડી ચાવી

૧. પગથી પાણી સાથે રમત કરવી તે (૫)
૪. ૧૦૦ નો આંક, શતક (૨)
૬. એક વજનનું માપ (૨)
૭. ધીરજ આપવી, આશ્વાસન (૩)
૮. ત્રાસ આપનારૂં (૪)
૧૦. બટન... માં ભરાવીને વખાય (૨)
૧૧. તપસ્યા, સાધના (૩)
૧૨. હઠ લેવી, હટવું (૩)
૧૩. બોલ, હવા ભરેલો ગોળ ફુગ્ગો (૨)
૧૫. દમવાળુ (૪)
૧૭. ... થવું, ભાગી જવું (૩)
૧૯. રવિવાર... નો દિવસ ગણાય (૨)
૨૦. મડદુ દાટે તે, દફન કરવું (૫)

ઊભી ચાવી

૧. ચોરને પકડવા તખ્તો તૈયાર કરે તે (૩)
૨. એક જાતનાં પાઉં (૨)
૩. સ્વતંત્ર મિજાજનું (૩)
૪. સાર, વાક (૨)
૫. રોજની દૈનિક ક્રિયા (૪)
૭. શ્રીકૃષ્ણ - સુદામાના ગુરૂ (૪)
૮. તુલા (૩)
૯. ... કરવી, વાતો (૨)
૧૦. દોરાની ગૂંચ પડે તે, ... વળવી (૨)
૧૨. રસોઇ - દવા, સૌંદર્ય વધારવા વપરાતો પીળો પાવડર (૪)
૧૩. દુઃખ, દર્દ, પીડા (૩)
૧૪. હરવુ..., ફરવા જવું (૩)
૧૬. મોજ, આનંદ (૨)
૧૭. મરી મીટવું, ... થવું (૨)
૧૮. ફરિયાદ (૨)

શબ્દાવલી ૪૭૯૫ના જવાબ

આડી ચાવી :- (૧) તકલીફ (૪) તપાસ (૬) પડ (૭) નફરત (૯) સ્વીકાર (૧૦) કીલર (૧૨) બાગડોર (૧૫) માલુ (૧૬) દાખલો (૧૭) લાસરીયું (૧૯) ઉપાસના (૨૦) હાશ (૨૧) ચારણી

ઊભી ચાવી :- (૧) તપસ્વી (૨) કડકાબાલૂસ (૩) ફન (૪) તરલ (૫) પાતર (૮) ફકીર (૧૦) રગ (૧૩) ડોકીયું (૧૪) આલોચના (૧૫) માલાસિંહા (૧૬) દાણોપાણી (૧૮) રીસ (૧૯) ઉર

સમાચાર ઝલક

- રાજકોટમાં તરૂણીનું અપહરણ કરી ૩ મહિના સુધી બળાત્કાર કર્યો અને છુપાવી રાખી.
- અમરનાથના યાત્રીઓના મોત અંગે સુપ્રીમ ચિંતિત.
- ચોમાસું ખેંચાતાં ૨૪ કરોડનું નુકશાન, ખેડૂતોને થાય તેવી શકયતા.
- લબર મુછીયા બાઇક ચાલકોને અમદાવાદમાં મોડી રાત્રે પોલીસે ઝડપ્યા.
- બાબા રામદેવનાં કાફલાને દહેરાદુનમાં રોકયા.
- ઓસ્ટ્રેલિયાનાં નાગરિકત્વ મેળવવામાં ભારતીયો પ્રથમ.
- વિરમગામ રમખાણ કેસમાં પાંચને આજીવન કૈદ.
- બીજા વિશ્વયુધ્ધમાં ડૂબેલા જહાજમાં ૪૪ કિલો ચાંદી મળી.
- રાજેશ ખન્નાની મિલ્કતમાં ગર્લફ્રેન્ડે નોટિસ પાઠવી, ૨૦૦ કરોડની મિલ્કતનો વિવાદ.
- પોર્ટુગલનાં જંગલમાં ભીષણ આગ.
- ઓલમ્પિકની શરૂઆત પહેલાં ઇંગ્લેન્ડમાં આનંદનો માહોલ.
- મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીને જાપાન સરકારે અતિથિ તરીકેનો મોભો જાળવશે.
- રાજકોટ મહાનગરપાલિકાનાં કમિશ્નરશ્રી અને ભૂતપૂર્વ કમિશ્નરશ્રી સામે કચરાપેટીઓ અંગે પોલીસ ફરિયાદ નોંધાઇ.
- જયપુરમાં હોસ્પિટલમાં દાખલ થયેલ કિશોરની કીડની કાઢી લેવાઇ.
- ચિખોદરામાં મોતિયાનાં ઓપરેશનવાળા દર્દીઓ કાયમી રોશની ગુમાવી.
- મુખ્યપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી જાપાનના પ્રવાસ દરમિયાન ૪૪ બેઠકોમાં હાજરી આપશે.
- આજે ભારતીય રાષ્ટ્રધ્વજ ત્રિરંગાની ૬૫મો જન્મદિવસ છે.
- બેંકની પરીક્ષા મામલે રાજકોટમાં બબાલ.

મધ્યપ્રદેશથી હથિયાર લાવી રાજ્યમાં વેચી દેવાનું કૌભાંડ

મધ્યપ્રદેશથી હથિયાર લાવી રાજ્યમાં વેચવાના મસમોટા કૌભાંડનો કાંઈમબ્રાંચે પર્દાફાશ કરી બે મુખ્ય સુત્રધાર સહિત સાતની ધરપકડ કરી છે. કાંઈમબ્રાંચ તેમની પાસેથી ૧૩ હથિયાર અને ૨૭ કારતુસ કબજે કર્યા છે. ઘટનાની વિગતવાર માહિતી એવી છે કે કાંઈમબ્રાંચની ટીમે બાતમીના આધારે અતુલ રામલક્ષ્મણ યાદવ અને વિજય સીતારામ કોળીને ૧૩ પીસ્તોલ અને ૨૭ કારતુસ સાથે ઝડપી પાડ્યા હતા. પુછપરછમાં તેમણે કબુલાત કરી હતી કે વિજય મધ્યપ્રદેશમાંથી હથિયારો લાવતો હતો અને અતુલ યાદવ આ હથિયારો વેચવાનું કામ કરતો હતો. બન્ને શખ્સોએ અત્યાર સુધી અમદાવાદ રાજકોટ અને ગોંડલમાં પાંચ વ્યક્તિઓને હથિયારો વેચ્યા હોવાની કબુલાત કરી હતી. આ કબુલાતના આધારે કાંઈમબ્રાંચે હથિયાર ખરીદનાર (૧) કીનલ પટેલ (૨) વિક્રમ ભરવાડ (૩) રાજુ ઠાકોર (૪) જયેશ લુહાર અને (૫) જીગ્નેશ ડોડીયાને ઝડપી પાડ્યા હતા. કાંઈમબ્રાંચે તમામની સઘન પુછપરછ હાથ ધરી છે. અતુલ યાદવ નારણપુરા ખાતે પકોડીની લારી ચલાવતો હતો અને લારીની આડમાં તે હથિયાર વેચવાનું કામ કરતો હતો. આ કૌભાંડમાં હજી પણ બે શખ્સો નાસતા-ફરતા હોવાનું જાણવા મળ્યુ છે.

ગુણવત્તા સામે પ્રશ્નાર્થો... ● પહેલા પાનું ચાલુ

પાણીના ક્લોરીનેશન ટેસ્ટ માટે આરોગ્ય તંત્રને પણ ખાસ તાકીદ કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. ક્લોરીનેશન ટેસ્ટ સ્ટાર્ટીંગ પોઈન્ટ અને એન્ડ પોઈન્ટ પર એમ બે રીતે ચકાસવા માટેની ખાસ તાકીદ કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં ભૂગર્ભ જળના થઈ રહેલા વધુ પડતા ખેંચાણને કારણે તેનો સમાવેશ ઓવર એક્સપ્લોઈટેડ કેટેગરીમાં કરાયો હતો. જો કે રાજ્ય સરકારે હમણાં જ આ વિસ્તાર અંગેના લાદેલા પ્રતિબંધો ઉઠાવી લીધા છે. જિલ્લામાં વરસાદ ખેંચાતા પાણીનું ખેંચાણ વધી રહ્યું છે અને બીજી તરફ ૩૮ ગામોના ટેસ્ટ નેગેટીવ આવતાં તંત્રની મૂંઝવણમાં વધારો થવા પામ્યો છે. જિલ્લામાં પાણી પુરવઠા માટેની સ્થિતિ અંગે પણ આગામી માસના આરંભે પુનઃ એક બેઠક યોજવા માટેની વિચારણા ચાલી રહી હોવાનું તંત્રના અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

વેપારીઓ સામે પગલાં... ● પહેલા પાનું ચાલુ

૪૦૨ની નોંધણી કરવામાં આવી છે, જ્યારે પર્યાવરણ અધિનિયમ પ્રમાણે ૪૪ જેટલા એકમોને બંધ કરી દેવામાં આવ્યા છે. ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા રિસાયકલ્ડ પ્લાસ્ટીક, નિર્માણ અને ઉપયોગના નિયમોમાં સુધારા કરવામાં આવ્યા છે. હવે પ્લાસ્ટીક વેસ્ટ નિયમોના નામે જૂનો કાયદો ઓળખાય છે. નવા નિયમમાં ૨૦ માઈક્રોનનો છેદ ઉડાવી દેવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે ગાંધીનગરમાં પ્લાસ્ટીકની બેગ વાપરવા ઉપર પ્રતિબંધ છે છતાં શાકમાર્કેટ તેમજ લારી પાથરણાવાળા પાસે પ્લાસ્ટીકની બેગ મળે છે, છતાં પગલાં લેવામાં આવતા નથી. તંત્ર એવું કહે છે કે બજારમાં તપાસ કરવા અમારી પાસે પુરતા કર્મચારીઓનો અભાવ છે. પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે પ્લાસ્ટીકના ૪૪ ઉત્પાદકોનું ઉત્પાદન બંધ કરાવી દીધું :પર્યાવરણ અંગેના નિયમો વધારે કડક બનાવાયા

વાઈલ્ડ લાઈફ ક્રાઈમ સેલ... ● આઠમા પાનાનું અનુસંધાન

દેખરેખ હેઠળ સમગ્ર રાજ્યમાં વાઈલ્ડ લાઈફ ક્રાઈમ સેલની રચના કરવામાં આવી છે. જે ગાંધીનગર જિલ્લામાં પણ બનશે. ગાંધીનગર જિલ્લામાં બનનારા આ સેલમાં જિલ્લા પોલીસવડા અધ્યક્ષ સ્થાને રહેશે જ્યારે જિલ્લા વન અધિકારી મેમ્બર સેક્રેટરી તરીકે રહેશે. જ્યારે એક હેડ ક્વાર્ટર્સ ડીવાયએસપી અને બે પીઆઈ તેમજ ત્રણ આરએફઓ આ સેલમાં મેમ્બર તરીકે ફરજ બજાવશે. આ સેલ દ્વારા ગાંધીનગર જિલ્લામાં પ્રાણીઓના શિકાર અટકાવવા અને તેના અંગોની હેરાફેરી કરતી ટોળકીને પકડવા માટે પગલાં ભરવામાં આવશે. ઈન્ટેલીજન્સ બ્રાંચ દ્વારા પણ આવી ટોળકીઓ ઉપર નજર રાખવામાં આવશે. જ્યારે લોકલ ક્રાઈમ બ્રાંચને પણ વિશેષ જવાબદારી સોંપવામાં આવશે. આ સેલ દ્વારા છેલ્લા દસ વર્ષમાં બનેલા વાઈલ્ડ લાઈફના ગુનાઓની પણ તપાસ કરવામાં આવશે. આ સેલની મહિનાના ત્રીજા શુક્રવારે બેઠક મળશે. જેમાં કામગીરીની સમીક્ષા કરવામાંઆવશે. ગાંધીનગર પોલીસ અને વન વિભાગના સંયુક્ત ઓપરેશનથી પેટ્રોલીંગ પણ હાથ ધરીને આવી ટોળકીઓને પકડવા પ્રયત્નો કરવામાં આવશે.